## ડાયરેક્ટ ❤ સે

પૈસો આહારની ખાતરી આપે, ભૂખની નહીં.
પૈસો સંબંધની ખાતરી આપે, સ્નેહની નહીં.
પૈસો મકાનની ખાતરી આપે, ઘરની નહીં.
પૈસો બેડરૂમની ખાતરી આપે, ઊંઘની નહીં.
પૈસો વૈભવની ખાતરી આપે, આનંદની નહીં.
પૈસો દવાની ખાતરી આપે, આરોગ્યની નહીં.
પૈસો માત્ર ખાતરી આપે, સમાધાન નહીં.

## જન્મદિને વધામણી



શોભા શાહ
પૂર્વ પ્રમુખ, લાયોનેસ ક્લબ



રમણલાલ એસ ઠક્કર
ફોન : ૨૩૨૨૯૭૦૨



જયપ્રકાશ ભટ્ટ
કાર્યકર્તા
શિવરંજની, કલરવ
મો. ૯૮૨૪૩ ૦૩૦૧૦



રૂદ્ર પરમાર

# રોલબૉલ અને સ્કેટીંગ સ્પર્ધામાં સ્કૂલ ઓફ એચિવરનો ડંકો

ગાંધીનગર, તા. ૧૦ સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા તાજેતરમાં કુડાસણની સ્કૂલ ઓફ એચિવરમાં રોલબોલ અને સ્કેટીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા વિવિધ કેટેગરીમાં બોયઝ અને ગર્લ્સ બંને વિભાગો માટે રમાઈ હતી. જેમાં ૨૦ ટીમોએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં સ્કૂલ ઓફ એચિવરની ટીમોએ વિવિધ કેટેગરીમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કર્યું હતું.

રોલબોલની રમતમાં સ્કૂલ ઓફ એચિવરની બોયઝ એન્ડ ગર્લ્સ ટીમે અન્ડર-૧૪ કેટેગરીમાં પ્રથમ ક્રમાંક હાંસલ કર્યો હતો જયારે અન્ડર-૧૭ કેટેગરીમાં ગર્લ્સ ટીમે પ્રથમ ક્રમાંક અને બોયઝ ટીમે દ્વિતિય ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો અને અન્ડર-૧૯ વય જુથમાં બૉયઝની ટીમે પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. આ ઉપરાંત રોલર સ્કેટીંગની સ્પર્ધામાં ઈનલાઈન તથા કોર્ડની કેટેગરીમાં અન્ડર-૧૧ તેમજ અન્ડર-૧૯ બંને વય જુથમાં બૉયઝ અને ગર્લ્સની ટીમોએ પ્રથમ, દ્વિતિય અને તૃતીય ક્રમાંક હાંસલ કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું. તમામ ખેલાડીઓને કોચ ભાર્ગવ આયરે અભિનંદન પાઠવી શુભેચ્છાઓ આપી હતી.

# વિનયન કૉલેજમાં સદ્‌ભાવના વિષયે કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૮ સરકારી વિનયન કૉલેજ, સૅક્ટર-૧૫ ગાંધીનગરની એક અખબારી યાદી જણાવે છે કે કૉલેજમાં મનોવિજ્ઞાન વિભાગ દ્વારા 'સદ્‌ભાવના સેતુ - માનવીય સંબંધોનું માધુર્ય' પ્રકલ્પ ઉપર એક સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં સામાજિક બંધુત્વ અને સામાજિક અભિમુખતા કેળવાય તેમજ પારસ્પરિક મૈત્રીપૂર્ણ સંબંધોનો વિકાસ થાય તેવા હેતુથી આ કાર્યક્રમ આકાર પામ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંપૂર્ણપણે વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું, જેથી ભવિષ્યમાં આવનારી જવાબદારીઓનું તેઓ વહન કરી શકે. દ્વિતિય અને તૃતિય વર્ષના વિદ્યાર્થીઓએ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને કૉલેજના વાતાવરણથી સુપરિચિત કરાવ્યા હતા. કાર્યક્રમમાં કૉલેજના અધ્યાપકોએ હાજરી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમમાં ડૉ. રસિક મેઘનાથી, અધ્યક્ષ, મનોવિજ્ઞાન અને મનોવિજ્ઞાન વિભાગના અધ્યાપકો ડૉ. નિલેશ ગઢવી, પ્રા. ગીતા પ્રજાપતિ અને ડૉ. ક્રિષ્ણરાજસિંહ ઝાલાએ વિદ્યાર્થીઓને પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતું. કાર્યક્રમમાં સંસ્થાના આચાર્ય ડૉ. હિંમત ભાલોડીયાએ વિભાગ તથા વિદ્યાર્થીઓને સુંદર આયોજન બદલ ધન્યવાદ આપ્યા હતા. સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. વનરાજસિંહ જાડેજાએ કાર્યક્રમનું તથ્ય વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું.

### કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા

# સર્વ નેતૃત્ત્વ તાલીમ શિબિર સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી ખાતે યોજાઈ





## યોગાસન, વ્યાખ્યાન, ફિલ્મ પ્રેઝન્ટેશન, જૂથ સંવાદ, ટૅલેન્ટ ઈવનિંગ અને વિવિધ રમતો થકી વિદ્યાર્થીઓમાં ટાઈમ મેનેજમેન્ટ, લીડરશીપ, ઈવેન્ટ મેનેજમેન્ટ અને ટીમ વર્કિંગની ક્ષમતા બહાર લાવવા પ્રયત્ન કરાયો

ગાંધીનગર, તા. ૧૦ કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત સર્વ નેતૃત્ત્વ તાલીમ શિબિર સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી ખાતે યોજવામાં આવી હતી, જેમાં ગાંધીનગર અને કડી કેમ્પસ સ્થિત જુદી જુદી ૧૫ કૉલેજોના ૬૪ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

સર્વ નેતૃત્ત્વ કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવા વિદ્યાર્થીઓમાં નેતૃત્ત્વ સંચાલન અને વ્યક્તિપ્રતિભાના ગુણો વિકસે, તેઓ સારા માણસ બની પોતાની તમામ જવાબદારીઓ સમજે અને સમાજ ઉપયોગી બને તથા આનંદપૂર્વક પોતાનું જીવન જીવી શકે તેવો છે. આ શિબિરનું આયોજન ૨૦૦૯થી કરવામાં આવે છે. શિબિર દરમિયાન નિષ્ણાત ટ્રેનર સુરેશ પટેલ દ્વારા યોગાસન, વ્યાખ્યાન, ફિલ્મ પ્રેઝન્ટેશન, જૂથ સંવાદ, ટૅલેન્ટ ઈવનિંગ અને વિવિધ રમતો થકી ટાઈમ મેનેજમેન્ટ, લીડરશીપ, ઈવેન્ટ મેનેજમેન્ટ અને ટીમ વર્કિંગની ક્ષમતા બહાર લાવવા માટે પ્રયત્ન કરાયો હતો. કાજલ પટેલનું સ્વયંસિદ્ધા પ્રોજેક્ટ અંતર્ગત સ્ત્રી સશક્તિકરણ માટે ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ સ્મૃતિચિહ્ન આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અતિથિ વક્તા તરીકે ધીરુભાઈ સાદરિયા અને નિષ્ઠાબેન ઠાકરે પણ પોતાનાં જીવનપ્રસંગો વર્ણવ્યાં હતાં અને વિદ્યાર્થીઓને રાષ્ટ્રનિર્માણમાં સહભાગી થવા આહવાન કર્યું હતું.

શિબિરના છેલ્લા દિવસે સઘળા તાલીમાર્થીઓને હાજીપુર સ્થિત મંથન કન્યા સંકુલની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં સંચાલક નીરૂબેન રાવલ અને તેમની ટીમ દ્વારા દિવ્યાંગ કન્યાઓ માટે ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. અહીં દિવ્યાંગ વિદ્યાર્થીનીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પણ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો.

શિબિરના સમાપન પ્રસંગે કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચૅરમૅન વલ્લભભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે વિદ્યાર્થીઓને સમાજ પ્રતિ પોતાની ફરજ અદા કરવા માટે આહ્વાન કર્યું હતું. આ પ્રસંગે ઉદ્‌ગમ ચૅરિટેબલ ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટી ડૉ. મયુર જોષી, ડૉ. યોગેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર શિબિરનું સંચાલન અને આયોજન સર્વ નેતૃત્વ કાર્યક્રમના સંયોજક ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલ અને ઍચવીઍચપીનાં પ્રૉ. કિંજલબેન જોષી, દેવયાનીબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થી સ્વયંસેવક તરીકે સુરજ મુંજાણી, મનન પટેલ, મિત કોયાણી, આરતી પટેલ અને બીનલ પટેલ દ્વારા પ્રસંશનીય કામગીરી અદા કરવામાં આવી હતી.

# એસઓજી દ્વારા ઈન-સ્કૂલ શાળાઓનો સેમિનાર યોજાયો







ગાંધીનગર, તા. ૧૦ બાળકોમાં શિક્ષણની સાથે-સાથે રમત ગમત ક્ષેત્રે પણ રસ લેવાય અને પોતાનામાં રહેલી છુપી શક્તિને પ્રોત્સાહન મળે તે હેતુસર કાર્યરત ઈન સ્કૂલ એટલે શિક્ષણ અને રમતનો સમન્વય. સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા શાસ્ત્રીનગર ખાતે ઈન-સ્કૂલ શાળાઓના ટ્રસ્ટી, આચાર્યો અને વ્યાયામ શિક્ષકશ્રીઓ બાળકોને રમત-ગમત ક્ષેત્રે આગળ વધવા વધુ કઈ રીતે પ્રોત્સાહીત કરી શકે તે હેતુસર એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં પોતાના વક્તવ્યમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતનાં ડાયરેક્ટર જનરલ સંદિપ પ્રધાને જણાવ્યું હતું કે, ઈન સ્કૂલ કાર્યક્રમ અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬માં ૧૦૦ શાળા હતી જેમાં વધારો થવાની સાથે વર્ષ ૨૦૧૭-૧૮ માં નવી ૧૦૩ શાળાનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેને કારણે વિવિધ ૨૦ રમતોમાં ૫,૭૦૦ ખેલાડીની સંખ્યા વધીને ૬,૦૦૦ થઈ છે. સેમિનારમાં ઉપસ્થિત રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના સચિવશ્રી વી.પી.પટેલે ગુજરાતમાં રમત ગમત ક્ષેત્રે પાયાનું યોગદાન આપવા બદલ ઉપસ્થિત સૌ આચાર્યો, વ્યાયામ શિક્ષકો અને ઈન-સ્કૂલના ટ્રસ્ટીઓનો આભાર માન્યો હતો. આ સેમિનારમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતનાં સચિવશ્રી ડી.ડી. કાપડીયા, પૂર્વ ધારાસભ્યશ્રી કાળુભાઈ વિરાણી, સમગ્ર ગુજરાતની વિવિધ શાળાના ટ્રસ્ટી મંડળના સભ્યો, આચાર્યો, વ્યાયામ શિક્ષકો, રમતગમત ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો તથા સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતનાં અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# યુએસ કોન્સ્યુલેટના ડેલિગેશન દ્વારા સ્વર્ણિમ યુનિવર્સિટીની મુલાકાત





ગાંધીનગર, તા. ૧૦ ભારતની સર્વપ્રથમ સ્ટાર્ટ અપ યુનિવર્સિટી સ્વર્ણિમ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીની યુએસ કોન્સ્યુલેટના એક ડેલિગેશને તાજેતરમાં મુલાકાત લીધી હતી.

સ્વર્ણિમ સ્ટાર્ટ અપ યુનિવર્સિટી તેના સ્ટાર્ટ અપ અને આંત્રપ્ન્યોરશીપના નવીનતમ કોર્સ માટે વિદ્યાર્થીઓમાં ખૂબ જ પ્રચલિત છે ત્યારે દુનિયા અને વિવિધ દેશોમાંથી મહાનુભાવો આવી આ યુનિવર્સિટીની મુલાકાત લઈ રહ્યા છે. ગત એક માસમાં ઓસ્ટ્રેલિયા અને જાપાન પછી વધુ એક દેશ અમેરિકાના ડેલિગેશન મેમ્બર જોનાથન વાંગ તથા કોયેલ સેન આ યુનિવર્સિટીના અતિથિ બન્યા હતા.

તેમણે યુનિવર્સિટીની વિવિધ કોલેજોની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ સાથે સ્ટાર્ટ અપ અને આંત્રપ્ન્યોરશીપના કલ્ચર અંગે ચર્ચા કરી હતી. વિદ્યાર્થીઓ સાથેની ચર્ચા બાદ તેમણે યુનિવર્સિટીના ઈન્ક્યુબેશન સેન્ટરની મુલાકાત લીધી હતી અને ત્યાં ચાલી રહેલા સ્ટાર્ટ્‌પ અને આઈડિયા લેબની પ્રસંશા કરી હતી, તેના ફંડ અંગેની પણ વિગતે ચર્ચા કરી હતી. આ ડેલિગેશને ગુજરાતી ભોજન તથા ગરબાનો આનંદ પણ માણ્યો હતો. આ પ્રસંગે યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ઋષભ જૈન, વાઈસ પ્રેસિડેન્ટ આદિ જૈન, પ્રોવોસ્ટ ઍમ ઍન પટેલ અને રજિસ્ટ્રાર તથા ઍકેડેમિક ડીન અપૂર્વ રાવલ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી ભાગવત વિદ્યાપીઠ ખાતે "જન્માષ્ટમી મહોત્સવનું" ભવ્ય આયોજન

ગાંધીનગર, તા. ૧૦ શ્રી ભાગવત વિદ્યાપીઠ, સોલા ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ જન્માષ્ટમીનું ભવ્ય આયોજન કરવા નિર્ધારેલ છે, જન્માષ્ટમીના પ્રસંગે ખાસ આકર્ષણ "શ્રી ગીરીરાજજીમાં ગૌચારણ લીલાં" તથા "શ્રી નાથજી પ્રાગ્ટયની લીલા" કરવામાં આવશે. વૈષ્ણવ સંપ્રદાય અને પુષ્ટિમાર્ગીમાં ઠાકરોજીને વિવિધ મનોરથો ઉજવવામાં આવે છે, આ મનોરથ/ઉત્સવો પૈકી આ વખતે જન્માષ્ટમી મહોત્સવ નિમિત્તે શ્રી ગીરીરાજજીના સાંનિધ્યમાં ગૌચારણ લીલા (શ્રી ઠાકોરજી વ્રજમાં પોતાના સખા તથા ગ્વાલ મંડળી સાથે ગૌ ચરાવવા જાય તે લીલા ગૌચારણ લીલા કહેવાય છે.) શ્રીનાથજી પ્રાગટ્ય મહોત્સવ શ્રી ગીરીરાજજી પ્રગટ્યા હતાં તે લીલાં ને પ્રાગટ્ય લીલાં કહેવામાં આવે છે.

શ્રી ભાગવત વિદ્યાપીઠ સંકુલમાં આવેલ ગુજરાતના એકમાત્ર ગીરીરાજજી ના દર્શન અને "કૃષ્ણ જન્મનો ઉત્સવ" જ્યાં ગીરીરાજજી બિરાજમાન છે ત્યાં પણ કરવામાં આવશે, ગીરીરાજજીની વિશેષતા એ છે કે ૧૦૮ ફુટ લાંબા, ૧૨ ફુટ ઉંચા, ૯ ફૂટ પહોંળા, ખૂબ નયનરમ્ય કુદરતી વાતારવરણમાં બિરાજેલ છે, જ્યાં સૌ ભાવિક ભક્તોને જન્માષ્ટમી મહોત્સવની ઉજવણી કરવા માટે શ્રી ભાગવત વિદ્યાપીઠ પરિવાર દ્વારા સૌ ભાવિકોને ઈજન પાઠવવામાં આવ્યું છે.

# શ્રાવણ માસ એટલે શિવ, જીવ, વન, સરિતા અને સ્નેહ

બારે માસમાં એક શ્રાવણ માસ એવો છે કે જ્યારે અષાઢ પછી ધરતી વર્ષાથી તૃપ્ત થઈ હોય અને સર્વત્ર ભીની ઋતુનો એક માહોલ છવાયેલો હોય છે. શ્રાવણે ટલે શિવ સાથે ખૂબ ભક્તિભાવથી જીવવું, તેમના શરણમાં જવું ! પ્રત્યેક ગામડે શિવમંદિર અને રામજીમંદિર અવશ્ય હોય છે અને આ બધાં મંદિરોમાં તથા શહેરોમાં લોકો ભક્તિભાવથી શિવજીની પ્રેમથી આરાધના-પૂજા-અભિષેક વગેરે કરતાં હોય છે. શ્રાવણમાં હિંડોળા ઝુલાવી કીર્તન ગાન થતાં જોવા મળે છે. આ વર્ષમાં જુલાઈ, ૨૦૧૭માં ગુજરાતમાં અતિવૃષ્ટિ ઊભી થઈ છતાં સામુહિક સહાય-મદદનો અવિરત પ્રવાહ વહી રહ્યો છે એ દર્શાવે છે કે ગુજરાત માત્ર ભોગી રાજ્ય નથી, અહીં પ્રજા દિલથી જીવે છે, સહાનુભૂતિની સરવાણી કદી બંધ થઈ નથી એ ગુજરાતની સાચી ખુશ્બુ કે ગરિમા કહી શકાય ! બ્રહ્માંડનું સંચાલન પણ સુચારુ રીતે કુદરત કરતી રહી છે. ઉત્પત્તિ, સ્થિતિ અને લય એ અનુક્રમે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનાં કાર્યક્ષેત્ર છે. શિવ જીવમાં સમાયેલા છે પરંતુ જીવન દરમિયાન તેનો અહેસાસ થતો નથી. શ્રાવણ માસ જુગાર રમવાનો મહિનો હરગિઝ નથી. હાલ શહેરમાં રહેતા નાગરિકો કોઈ ને કોઈ ગામમાંથી જ આવ્યા છે એટલે જ્યારે મેઘની સવારી આવે ત્યારે દરેકને પોતીકું વતન કે ગામ અવશ્ય યાદ આવે છે. ગામની ભાગોળે વહેતી નદી, નદીના







mmtrivedi007@gmail.com

કાંઠે મંદિર, આજુબાજુમાં હરિયાળી અને જનજીવનમાં વ્યાપ્ત સ્વાર્થરહિત સ્નેહ ! ગણતરી અને નફા-નુકસાનને હાંસિયામાં રાખીને જીવતાં ગ્રામજનો વાસ્તવમાં ઈન્સાનિયત માટે પ્રેરણારૂપ છે. આજના સમયમાં પણ ગામડે રહેતાં લોકો દિલથી આવકારે છે, મદદ કરે છે, સાચા ભક્તની લાયકાત ધરાવે છે. એટલે ત્યાં શાંતિનો અહેસાસ થાય છે. સૌરાષ્ટ્ર, કચ્છ તરફ જઈએ તો દર બે કિલોમીટરે કાદ આસ્થાસ્થાન જરૂર જોવા મળે છે. ત્યાં મદદ કરનારા નામની પ્રસિદ્ધિથી દૂર હોય છે. ઈશ્વર પ્રત્યેનો હૃદયથી જે પ્રેમ વ્યક્ત થાય તે ખરી ભક્તિ કે ઈબાદત કહેવાય છે. ચાતુર્માસના પણ નિયમો નક્કી થયેલા છે. લોકો રોજિંદી જિંદગીથી થોડા હટીને કુદરતના સાંનિધ્યમાં જાય તો ઈશ્વર ત્યાં વહાલ આપવા તૈયાર છે. ક્રાંકચ ગામ (તા. લિલિયા, જિ. અમરેલી)માં હવે સિંહોનું નિવાસ સ્થાન બની ગયું છે. પરંતુ વર્ષો પહેલાં ત્યાં બે નદીઓનું સંગમ સ્થાન હતું અને શ્રાવણમાં નદી તટે નિર્મળ જળમાં બેસીને જનોઈ બદલતા બ્રહ્મસમાજના સર્વ સ્નેહીઓની સ્મૃતિ આજે પણ એટલી જ સ્પષ્ટ ઊભરી આવે છે. ખૂબ વરસાદ થાય ત્યારે શેત્રુંજી નદી અને ગાગડિયો નદીનાં પાણી ક્રાંકચ ગામની અંદર પ્રવેશી જતાં અને એ જમાનામાં ગામની ફરતો સુરક્ષાપાળો બનાવવામાં આવેલો. ત્યાં ચુંદડી જળમાં પધરાવતાં અને બચાવ માટે કુદરત અવાજ સાંભળતી. ઈશ્વર કૃપાથી જે ખેતર-વાડીમાં કામ કરનારાઓ હોય તે નદી કિનારે પાકું આશ્રય સ્થાન (બંગલી)માં સિડીથી ઉપર જઈને બચાવ કરતા. આ લોકોનું ભોજન લઈને ઝળુભાઈ ભરવાડ તરાપો નાખીને ત્યાં લઈ જતા. ગામડાની આ પ્રકારની હાલત બહુધા સરખી જોવા મળે છે. હવે ક્રાંકચને મિની ગીર બનાવી દેવામાં આવ્યું છે. ત્યાં ઘણા સિંહો વસવા લાગ્યા છે. ગીરથી સાવરકુંડલા, ક્રાંકચ અને છેક જેસર, પાલીતાણા સુધીમાં વન્ય જીવો વસવા લાગ્યા છે. સહજાનંદ સ્વામીએ પણ આજ્ઞા કરી છે કે શ્રાવણ માસ વિષે મહાદેવજીનું પૂજન બિલ્વપત્રાદિકે કરીને પ્રીતિપૂર્વક સર્વ પ્રકારે પોતે કરવું અથવા બીજા પાસે તે કરાવવું (શિ.શ્લોક નં. ૧૪૯).

ભક્તિથી કલ્યાણકારી સાધન બીજું કોઈ નથી. ભક્તિ અને સત્સંગ વિના તો વિદ્વાન હોય તે પણ અધોગતિને પામે છે. ઈશ્વરની મહત્તાને જાણ્યા બાદ તેના પરત્વે જે સ્નેહ ઊભો થાય તે ભક્તિનું જ સ્વરૂપ કહેવાય છે. શ્રાવણમાં બળેવ, જન્માષ્ટમી, રાષ્ટ્ર સ્વતંત્રતા દિન જેવા તહેવારો પણ આવે છે એટલે સમગ્ર શ્રાવણ માસમાં ભક્તિરસ સમાજમાં છવાઈ જાય છે. વાસ્તવમાં ચોમાસું એ જ જીવનનો મૂળ પાયો છે. કેમ કે જળ વિના જીવન શક્ય નથી. સજીવ સૃષ્ટિ પણ શ્રાવણ માસમાં વનરાજીમાં આનંદિત થાય છે. દેવાધિદેવ મહાદેવની પૂજા અર્ચનાથી બધાં સંકટ દૂર થાય છે. તેનું કારણ એ મહાકાલનું રૂપ છે. હવે ચૅકડૅમ અને મોટા બંધ થયા પછી ગામડાંની નદીઓ બારેમાસ જળસભર રહી નથી. એટલે કુદરતનું ગ્રામ્યરૂપ સંમોહક રહ્યું નથી. વસતીવૃદ્ધિ સાથે શહેરીકરણ વધતાં ગામડાંની રોનક જતી રહી છે. ખેતી સંલગ્ન કામો બીજા દ્વારા થઈ રહ્યાં છે. વહેતી સરિતા સંકોચાઈ રહી છે. તેમ છતાં શ્રાવણનો રંગ શિવ મહિમા સાથે ગામડાઓમાં સત્ત્વ, તત્ત્વવાળો જળવાઈ રહ્યો છે. નવધા ભક્તિને જેણે શ્રાવણમાં હૈયે સ્વીકારી તેનાં દુખદર્દ ઈશ્વર જરૂર હરી લે છે. ભક્તિ એ દંભ, દેખાવનો વિષય નથી. મહાદેવ ગુજરાતની આપત્તિને હરે એવી અભ્યર્થના છે.

**શેર આસ્વાદ**

અધીરો છે તને ઈશ્વર બધુંય આપવા માટે ,ને તું ચમચી લઈને ઊભો છે દરિયો માપવા માટે
**(અનિલ ચાવડા)**

## ડિપ્લોમા ઈજનેરીમાં ૩૯૬ વિદ્યાર્થીઓને ઑફલાઈન પ્રવેશ આપવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૧૦ ડિપ્લોમા ઈજનેરી કોલેજોની ખાલી પડેલી ૩૧ હજારથી વધારે બેઠકો પર પ્રવેશ ઈચ્છતાં વિદ્યાર્થીઓ માટે ઓફ લાઈન રાઉન્ડ શરૂ કરવામાં આવ્યો છે. આ રાઉન્ડ માટે સંમતિ આપનારા વિદ્યાર્થીઓને હાલમાં પ્રવેશ સમિતિ સમક્ષ બોલાવીને ખાલી બેઠકો પર પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. આજે કુલ ૩૯૬ વિદ્યાર્થીઓએ નવા પ્રવેશ લીધો હતો.

ડિપ્લોમા ઈજનેરીમાં ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાના બે રાઉન્ડ પુરા થયા બાદ હાલમાં ત્રીજો ઓફલાઈન રાઉન્ડ શરૂ કરવામાં આવ્યો છે. જેમાં કુલ ૨૭૫૧ વિદ્યાર્થીઓએ સંમતિ આપી હતી. પહેલા દિવસે મેરિટનં.૧થી ૧૮૨૯૦ વિદ્યાર્થીઓમાં જે વિદ્યાર્થીઓએ ઓફલાઈન રાઉન્ડ માટે સંમતિ આપી હતી તેવા ૭૫૦ વિદ્યાર્થીઓને બોલાવવામાં આવ્યા હતા. જે પૈકી ૫૨૨ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. એટલે કે ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ સંમતિ આપ્યા પછી પણ તેઓ હાજર રહ્યા નહોતા. જે હાજર રહ્યા તે પૈકી ૩૯૬ વિદ્યાર્થીઓએ પ્રવેશ કાયમ કરાવ્યો હતો. ૩૯૬માંથી ૨૧૭ વિદ્યાર્થીઓને સરકારી કોલેજમાં પ્રવેશ મળ્યો હતો. જયારે ૧૭૯ વિદ્યાર્થીઓ સ્વનિર્ભર કોલેજમાં પ્રવેશ લીધો હતો. કુલ ૩૯૬માં ૨૪૦ વિદ્યાર્થીઓ એવા છે કે જેઓએ પહેલી વખત પ્રવેશ લીધો છે.